ગાંધીનગર સમાચાર

તા. ૨૩-૭-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### સાહિત્ય અકાદમીનું ફેલોશિપ સન્માન મેળવતા રઘુવીર ચૌધરી

ગુજરાતી સાહિત્યક્ષેત્રે કનૈયાલાલ મુનશી અને ઉમાશંકર જોશી પછીના સમયગાળામાં સૌથી વગદાર અને વજનદાર નામ શ્રી રઘુવીર ચૌધરીનું રહ્યું છે. રઘુવીર ચૌધરીએ સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મીને દેશના પ્રતિષ્ઠિત સાહિત્યકારોની પંગતમાં સ્થાન જમાવ્યું છે. સાહિત્ય જગતમાં એમની ધાક અને હાક જાણીતી છે. ઘણા લાંબા સમય સુધી આ ક્ષેત્રે એમનું એકચક્રી રાજ ચાલ્યું છે અને હજી પણ એમણે મેદાન તો ક્યાં છોડ્યું છે? સૌથી નોંધપાત્ર બાબત તો એ છે કે સાહિત્ય જગતમાં પહેલી હરોળના ગણાતા આ ગુજરાતી સર્જક પંચોતેરમે વર્ષે પણ જમીન સાથે જોડાયેલા રહ્યા છે. માણસા નજીક બાપુપુરા જેવા નાના ગામમાં આવેલાં ઘર-ખેતર સાથે એમનો જીવંત નાતો રહ્યો છે. આ ઉંમરે પણ તેઓ દર શનિ-રવિ ખેતરના ખોળે ગાળે છે અને ખેડૂતો સાથે ખેડૂત તરીકે ઓળખાવાનું પસંદ કરે છે. સાહિત્ય જ્યારે વર્ગવિશેષ માટેની 'સ્પેશિયલ આઈટમ' બની ગયું છે ત્યારે 'અમૃતા'થી લઈ 'ઉપરવાસ કથાત્રયી' જેવી ઉત્તમ નવલકથાઓના આ સર્જક સમાજની દશા અને દિશા વિશે સક્રિય વિચારકની ભૂમિકા અદા કરતા રહ્યા છે. એમનો પહેલો પ્રેમ કવિતા છે, હજી આ ઉંમરે પણ તેઓ 'બચાવનામું' જેવું દીર્ઘ પ્રબંધ કાવ્ય રચી શકે છે. એમની પાસે શબ્દનો અખૂટ વૈભવ છે. લાગણી કરતાં વિશેષ વિચારને મહત્ત્વ આપતા આ વિશિષ્ટ અને પ્રશિષ્ટ સર્જકનું કેળવણી ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ગાંધી-વિનોબની અસર હેઠળ એમણે ઓછી જરૂરિયાતોવાળી સાદી જીવનશૈલી અપનાવી છે. યુવાવસ્થામાં સક્રિય પણે સેવાદળ સાથે સંકળાયેલા લેખક રાજકારણમાં પડ્યા હોત તો ગુજરાતને સ્થાપ્યા છે તેવા ઉમાશંકર જોશીની સલાહથી એ સક્રિય રાજકારણથી દૂર જરૂર રહ્યા પરંતુ જ્યારે પણ પ્રજાકીય અવાજ બુલંદ કરવાની જરૂર લાગી ત્યારે એ ઘર સાચવીને બેસી નથી રહ્યા. એમણે નવનિર્માણ આંદોલનમાં અને ઈંદિરાયુગની ઈમરજન્સી સામે એક જાગ્રત નાગરિક તરીકે પોતાના ફાળે આવેલી ફરજ બજાવી છે. કવિતા, વાર્તા-નવલકથા, નાટક અને વિવેચન ઉપરાંત એમણે પ્રચુર કટાર લેખન કર્યું છે. કોઈપણ સ્થિતિને જોવા-મૂલવવાની એક નોખી કટાક્ષ દૃષ્ટિ ધરાવતા રઘુવીર ચૌધરી કટાર લેખક તરીકે જામી શક્યા નહીં. પરંતુ એમની 'વૈશાખનંદનની ડાયરી' કે 'અરસ પરસ' જેવી કટારો બૌદ્ધિક વાચક સમુદાયને ગમતી હતી. સમકાલીનોને એકીસાથે પોંખવા અને લબડધક્કે લેવાની રઘુવીરશૈલી આપણને 'તિલક કરે રઘુવીર' અને 'સહરાની ભવ્યતા' જેવા ચરિત્રનિબંધોનો સમૃદ્ધ ફાલ આપે છે તો વળી વયમાં નાના છતાં કતૃત્વમાં વિશ્વવ્યાપી એવા લોકસંત મોરારિબાપુ વિશે ચરિત્રાત્મક ગ્રંથ આપીને તથા વારસામાં મળેલ સહજાનંદ સ્વામી પ્રત્યેના ભક્તિભાવને શબ્દસ્થ કરીને એમણે કરવા જોગું કામ કર્યું છે. સાહિત્ય સર્જન જેટલું જ અગત્યનું કાર્ય એમણે સાહિત્ય પરિષદના સંવર્ધનની આજીવન જવાબદારી ઉપાડીને કરી બતાવ્યું છે. એથી એમના નામે વિવાદ પણ થતો રહ્યો છે પણ 'હાથી ચલત હૈ અપની ગત મેં.' ઉમાશંકર જોશીના જન્મ દિવસની પૂર્વ સંધ્યાએ તળ ધરતી સાથેનો અનુબંધ જાળવીને પોતાની શરતે લખતા મોટા ગજાના ગુજરાતી સર્જકને સાહિત્ય અકાદમીએ એનું સર્વોચ્ચ સમ્માન પ્રદાન કરી ગુજરાતી ભાષાનું જ ગૌરવ વધાર્યું છે. ઘણું જીવો ગુજરાતી!

## આરાધના વિદ્યાવિહારમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૨

આરાધના વિદ્યાવિહાર ગાંધીનગરમાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ હતી. આરાધના વિદ્યાવિહારના આચાર્યએ સરસ્વતી વંદના કરી મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓએ ગુરૂમહિમા વિશે વક્તવ્યો આપ્યા હતા અને ગુરૂવંદના કરી. મેનેજીંગ ટ્રસ્ટીએ ગુરૂનું મહત્તવ સમજાવ્યું હતું. શ્રેષ્ઠ વક્તાઓને મહેમાનોના હસ્તે ઈનામોનું વિતરણ કરાયું હતું. સદ્‌માર્ગે ચાલતા સંકલ્પ કર્યો હતો.

# ઈજનેરી અને સ્થપતિ પરીક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૨૨

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્સ, ગાંધીનગરના પ્રમુખ એન.પી. ગજ્જરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં એસોસિએશન દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને રોકડ ઈનામ અને સન્માનપત્રથી નવાજવામાં આવ્યા હતા.

ઈજનેરી તથા સ્થપતિની પરીક્ષામાં સારા ગુણાંકે ઉત્તીર્ણ થનાર ગાંધીનગર સ્થિત વિદ્યાર્થીઓનું સેકટર-૨૧ના પુસ્તકાલયમાં બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ સંસ્થાની માસિક સભાથી કરવામાં આવ્યો હતો. માસિક સભાની સમાપ્તિ બાદ સંસ્થાના પ્રમુખ એન.પી. ગજ્જરે સર્વે વાલી, વિદ્યાર્થીઓનું સ્વાગત કરી, સંસ્થાની પ્રવૃત્તિઓથી અવગત કર્યા હતા. જ્યારે મુરબ્બી મહેન્દ્રભાઈ પુરોહિતે ડૉ. સી.સી. પટેલની (જેમની યાદમાં એવોર્ડ આપવામાં આવે છે) જીવન ઝરમરની ઝાંખી કરાવી. બાદમાં પ્રત્યેક વિદ્યાર્થીને જે તે ફેકલ્ટીના દાતાઓ દ્વારા રોકડ ઈનામ અને સન્માન પત્રથી નવાજવામાં આવ્યા.

ઉપસ્થિત રહેલા વાલીઓએ તેમજ વિદ્યાર્થીઓએ પણ આ શુભ પ્રસંગે પોતાના પ્રતિભાવો આપ્યા અને મંડળની પ્રવૃત્તિઓની સરાહના કરી.

કાર્યક્રમનું સંચાલન મંત્રી હસમુખભાઈ શાહે કર્યું. જ્યારે આભારવિધિ ઉપપ્રમુખ અજીતસિંહ ભટ્ટી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ ઘણો જ સફળ રહ્યો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાજેતરમાં વિદ્યાર્થીઓ ચૂંટણી પ્રક્રિયાને પ્રત્યક્ષ સ્વરૂપે સમજી શકે તે માટે લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. ચૂંટણીમાં વિવિધ બૂથો ઊભા કરવામાં આવ્યા હતા અને મત ગણતરી બાદ વિદ્યાર્થી નેતા ચૂંટવામાં આવ્યા હતા.

શાળામાં મતદાન કુટિરો ઉભી કરી લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ. શાળાના તમામ વિદ્યાર્થીઓએ પોતાનો કિમતી મત મતદાન પેટીમાં નાખી નેતાઓની પસંદગી ચૂંટણી દ્વારા કરી હતી. વિદ્યાર્થી જીવનમાં લોકશાહીનો દૃષ્ટિકોણ કેળવાય તે હેતુથી શાળામાં ઈલેક્શન પદ્ધતિથી વિદ્યાર્થી નેતાઓ નિયુક્ત કર્યા હતા. વિજેતા વિદ્યાર્થી નેતાઓને શાળા પરિવારે તથા વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

શાળાના ટ્રસ્ટી રાજુભાઈ ચૌધરી, આચાર્ય રંજન વૈદ્ય, વાઈસ પ્રિન્સીપાલ ક્રીના ક્રિશ્ચિયન તથા શાળાના શિક્ષક ગણની હાજરીમાં વિદ્યાર્થી નેતાઓની શપથ ગ્રહણ વિધિ અને બેઝીસ અર્પણ કાર્યક્રમ યોજાયો. દરેક વિદ્યાર્થી નેતાને પોતાના માતા-પિતા તથા શિક્ષક દ્વારા બેઝિસ અર્પણ કરવામાં આવ્યા હતા. આમંત્રિત વાલીગણ અને માતા-પિતાઓએ પોતાના સુપુત્રને આશીર્વાદ અને અભિનંદન આપી શાળાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સ્કૂલ ઓફ એચિવરમાં મોન્સૂન ફેસ્ટીવલ યોજાયો





ગાંધીનગર, તા. ૨૨

કુડાસણ ગામની સ્કૂલ ઓફ એચિવર અંગ્રેજી માધ્યમની શાળામાં તાજેતરમાં મોન્સૂન ફેસ્ટીવલ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

ગીત સંગીતના આહલાદક વાતાવરણમાં શાળા પરિસરના ગાર્ડનમાં વિદ્યાર્થીઓએ કૃત્રિમ વરસાદી વાતાવરણમાં આગવી વેશભૂષા સાથે ચોમાસુ તહેવાર ઉજવ્યો હતો. શાળાના ૨૦ બાળકો નૃત્ય કરતા મોરલા બની બાગમાં ટહૂકતા હતા, દેડકા બની ૪ બાળકો ડ્રાઉં...ડ્રાઉં... કરતા હતા તથા ખેડૂતોના વેશમાં ૫ બાળકો હળ, પાવડા, કોદાળી સાથે ખેતી કરતા નજરે પડતાં હતાં. રંગબેરંગી છત્રીઓ સાથે ૪૦ જેટલા બાળકો વર્ષાઋતુનાં ગીતો ગાઈ સૌને આકર્ષિત કરતા હતા. આ પ્રસંગે બાળકોએ ખાણી પીણીના સ્ટોલ પણ ઉભા કર્યા હતા. ગરમાગરમ ભજીયા, અમેરિકન મકાઈ, મગફળી અને ફળફળાદિના પ્રસાદને સૌ મોજમસ્તીમાં આરોગતા હતાં. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે સૌ વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી.





બેટા આ ગુરૂ પૂર્ણિમાએ....
પાર લૌકીક જીવન વિષે તને બધું જ સમજાવી દીધું હવે, જતા પહેલા આ ટેબ્લેટમાં એપ્સ કેવી રીતે ડાઉનલોડ કરવી એ જરા શીખવતા જજો.

## મહર્ષિ અત્રિ વિદ્યાલયના વિદ્યાર્થીઓ કુસ્તી સ્પર્ધામાં મોખરે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધા અંડર-૧૪ અને પાયકાની સ્પર્ધા યોજાઇ હતી. જેમાં મહર્ષિ અત્રિ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

અંડર-૧૪માં ચૌધરી પ્રવિણ ડી, પટેલ વિશાલ કે., રબારી પ્રતિક વી, રબારી સુધીર વી, પ્રથમ, દ્વિતીય નંબરે આવેલ છે. પાયકામાં સુથાર ગોવિંદ એન., પટેલ મીત બી., પટેલ હર્ષ કે. વિજેતા બનેલ છે. આચાર્યશ્રી, ટ્રસ્ટીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

ગુરૂપૂર્ણિમા નિમિત્તે જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો હતો. શાળાનાં પ્રથમ તબક્કાના ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

શાળા પંચાયતના મંત્રીઓ દ્વારા શિક્ષિકા બહેનોને ફુલથી સ્વાગત તિલક કરવામાં આવ્યું હતું. ચૌધરી પ્રગતિ, ચૌધરી કાજલે ગુરૂપૂર્ણિમા વિષે સંબોધન કર્યું હતું. પ્રજાપતિ બ્રહ્મકુમારીમાંથી મેઘા દીદી, મંજુ દીદી, મણીબેન દેસાઈના હસ્તે ઈનામ વિતરણ કરાયું હતું. આચાર્યા એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ચારૂબેન પુરોહિતે આભારવિધિ કરી હતી, કોલિકાબેન, આચાર્યા સંતોકબેન ચૌધરીએ કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું હતું.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં ગુરૂવંદના યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગુરૂપૂર્ણિમાના દિવસે જે.એમ.ચૌધરી શાળામાં 'ગુરૂવંદના' કાર્યક્રમ યોજાયો હતો. મહેમાન શંકરભાઈ ચૌધરીએ દીપ-પ્રાગટ્ય કર્યું હતું. ગુરૂપૂર્ણિમાનું મહત્ત્વ બારોટ પૂર્વીએ સમજાવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ ગુરૂવંદના ગીત રજૂ કર્યું હતું.

ધોરણ-૧૦, ૧૧, ૧૨માં પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઈનામો શંકરભાઈ ચૌધરીના હસ્તે આપવામાં આવ્યાં હતા. સંચાલન પુર્વી બારોટે કર્યું હતું. કાર્યક્રમનું આયોજન મનોરંજન મંત્રી અરૂણાબેન ચૌધરી, નિમિષાબેન ચૌધરી કર્યું હતું.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓ ફેન્સીંગમાં રાજયકક્ષાએ

ગાંધીનગર, તા. ૨૨

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં શાળાકીય અંડર-૧૯ ફેન્સીંગ સ્પર્ધા પ્રેરણા વિદ્યાલયમાં યોજાઈ હતી. જેમાં ૭ ખેલાડીઓ રાજયકક્ષાએ રમવા જશે. આચાર્યા બહેન સંતોકબેન ચૌધરી અને વ્યાયામ શિક્ષિકા બહેનોએ અભિનંદન પાઠવ્યા છે. ચૌધરી ધારા ભાથીભાઈ, ચૌધરી સેજલ મોંઘજીભા, ચૌધરી આરજુ, દિલીપભાઈ પટેલ, શ્રદ્ધા પ્રભુદાસભાઈ, ચૌધરી કિર્તી મનુભાઈ, ચૌધરી પલ્લવી વિષ્ણુભાઈ, ચૌધરી અસ્મીતા મહેન્દ્રભાઈ પસંદ પામ્યા છે.

## જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય હોકીમાં વિજેતા

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા કક્ષાની મહિલા હોકી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૭ વિદ્યાર્થીઓ રાજય કક્ષાએ રમવા જશે. શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી અને વ્યાયામ શિક્ષિકાએ અભિનંદન પાઠવ્યા હતા.

મનસુરી આસિયાન, ચૌધરી દક્ષા જી., ચૌધરી અંજલિ જે, કનોજિયા ટ્વિન્કલ જે., ભાભોર નિકિતા, મીઠાર બિનર, ડામોર અસ્મીતા ડી., પટેલ અપેક્ષા, ચૌહાણ નિશા આર. પટેલ અપેક્ષા વાય, ચૌધરી જાનુ જી., રાણા જનક કે, તેલી રીતુ એમ., ગોહિલ ઝનક એમ., ઠાકોર પાયલ સી., પંચાલ શેફાલી ખેલાડી તરીકે વિજેતા બનેલ હતી.

## ચરાડાનો રવિ ચૌધરી કુસ્તી સ્પર્ધામાં પ્રથમ સ્થાને

ચરાડા, તા. ૨૨

જિલ્લા કક્ષાની ગ્રામીણ કુસ્તી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કે.જી. હાઈસ્કૂલ ચરાડાનો વિદ્યાર્થી રવિ શૈલેષભાઈ ચૌધરી ગ્રામીણ કુસ્તી સ્પર્ધામાં ૭૧ કિ.ગ્રા. વજનમાં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે.

વિજેતા ખેલાડીને શાળાનાં વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. શાળાનાં આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## આદર્શ નિવાસી શાળા (વિ.જા.)નું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની પાયકા કુસ્તીની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી શાળા (વિકસ્તી જાતિ કુંભાર) ના વિદ્યાર્થી અણિયાળિયા કેતન ૪૨ કિ.ગ્રા.માં પ્રથમ, મછાર અર્જુન ૫૦ કિ.ગ્રા.માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. પ્રથમ નંબરે વિજેતા બનેલ સ્પર્ધક રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

જિલ્લા નાયબ નિયામક નરેન્દ્રભાઈ ગુરૂ તથા આચાર્ય બી.એસ. બારૈયાએ શાળા પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

## જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ચરાડા પ્રથમ

ચરાડા, તા. ૨૨

જિલ્લા કક્ષાની બાળ અને શાળાકીય હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કે.જી. હાઈસ્કૂલ ચરાડાની ભાઈઓની ટીમ અંડર-૧૪ અને અંડર-૧૭માં જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

જેમાં ગૌરવ ઠાકોર, કરમસિંહ દેસાઈ, આકાશ ઠાકોર, પરમેશ્વર ઠાકોર, સેંધાજી ચાવડા, સુનિલ ઠાકોર, દિનેશ ચૌહાણ, રાજ્ય કક્ષા સ્પર્ધા માટે પસંદ થયા હતા. વિજેતા ટીમને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. આચાર્ય બાબુભાઈ ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

# શિક્ષણનો પાયો મજબૂત બનાવીએ

**કેમ્પસ**
- ધ્વનિલ પારેખ

શિક્ષણનો સૌથી મોટો આધાર કયો? આ પ્રશ્નના ઉત્તરમાં એકથી વધુ જવાબો શક્ય છે. કોઇ કહેશે, વિદ્યાર્થીઓ તો કાંઇ કહેશે, અધ્યાપકો-શિક્ષકો તો કાંઇ કહેશે જે તે શાળા-કોલેજો એ શિક્ષણનો મોટો આધાર છે. હજી એક જવાબ શક્ય છે, કે જે તે વિષયનો અભ્યાસક્રમ. હવે એક જ પ્રશ્નના ઉત્તરમાં મળેલા વિકલ્પો તપાસીએ તો સાચી વાત સમજાય એમ છે. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને જે તે શિક્ષણ મેળવવાનું સ્થાન આખરે કરે છે શું? એ લોકો નિયત અભ્યાસક્રમને વફાદાર રહેવાનો પ્રયત્ન કરે છે. જે પાઠ્ય પુસ્તક એમની સામે છે એમાં બે પૂંઠા વચ્ચે જે કં પણ છપાયું છે એને પ્રગટ કરવાનો પ્રયત્ન નિષ્ઠાપૂર્વક કરવામાં આવે છે. (આ પ્રકારની નિષ્ઠા પ્રત્યેક વિદ્યાર્થી કે શિક્ષકમાં હોતી નથી!) એનો અર્થ એવો થયો કે શિક્ષણનો મોટો આધાર જે અભ્યાસક્રમ નિયત કરવામાં આવે છે એની ઉપર રહેલો છે.

આપણે કેવા પ્રકારનો અભ્યાસક્રમ નિયત કરીએ છીએ? આ હવે, બીજો પ્રશ્ન છે, હમણાં રાકેશ ઓમપ્રકાશ મહેરા દિગ્દર્શિત અને ફરહાન અખ્તર અભિનિત ફિલ્મ 'ભાગ મિલ્ખા ભાગ'ની ચર્ચા ઘણી ચાલી રહી છે. જેને 'ફ્લાઇંગ શીખ' તરીકે ઓળખવામાં આવે છે, એ મિલ્ખા સિંઘની જિંદગી પરથી પ્રેરિત આ ફિલ્મ છે. ફિલ્મ બનાવવા માટે થોડા ઘણાં ફેરફારો કરવા જરૂરી હોય છે. ચર્ચા એ પણ ચાલે છે કે, આપણા પાઠ્યપુસ્તકો - શાળાકીય અભ્યાસક્રમોમાં મિલ્ખા સિંઘ વિશે શા માટે કોઇ જાણકારી નથી? આપણે ઇતિહાસ ભણાવીએ છીએ પણ એ કેવા પ્રકારનો ઇતિહાસ છે? શાળાકીય અભ્યાસક્રમોમાં રાજા-મહારાજાના યુદ્ધો, અન્ય પ્રજાઓનાં આક્રમણોથી વિશેષ કોઇ ઇતિહાસ ભણાવીએ છીએ? વિદ્યાર્થીઓને પ્રેરે એવો કોઇ ઇતિહાસ શા માટે દાખળ કરવામાં આવતો નથી?

અભ્યાસક્રમ એ બહુ જ અગત્યની બાબત છે, વિદ્યાર્થી આખરે એમાંથી જ ગ્રહણ કરે છે. અધ્યાપક - શિક્ષકો એ પણ આખરે તો એને જ વિદ્યાર્થીઓ સમક્ષ મૂકવાનું હોય છે. આપણી પરિક્ષા પદ્ધતિ પણ અજબ-ગજબ પ્રકારની છે. એ પણ આખરે તો અભ્યાસક્રમને જ લક્ષ્યમાં રાખે છે. ટૂંકમાં, અભ્યાસક્રમ એ પાયો બને છે. તો એ પાયો વધારે મજબૂત બને એવા પ્રયત્નો શા માટે કરવામાં આવતા નથી?

છાપામાંથી મળતા સમાચાર અનુસાર ઘણા બધાને મિલ્ખા સિંઘ વિશે ફિલ્મ જોયા પછી જ જાણકારી મળી હતી. હવે, દરેક વિદ્યાર્થી ફિલ્મ જોવા જઇ શકવાનો નથી ત્યારે આપણે દેશમાં રમતગમત ક્ષેત્રે જેનું મહત્ત્વનું પ્રદાન છે એ મિલ્ખા સિંઘ વિશે એ જાણી શકવાનો નથી. દૂરનો ઇતિહાસ ભણાવવામાં આવે, રાજ-મહારાજાઓની ખટપટોનો વિદ્યાર્થીઓને પરિચય થાય એની સામે વાંધો નથી પણ વિદ્યાર્થી શાળાકીય અભ્યાસ પૂર્ણ કરે છતાં એને મિલ્ખા સિંઘ કોણ છે, એની ખબર ના પડે તો એ આપણા અભ્યાસક્રમોની કરૂણતા છે. મિલ્ખા સિંઘ તો એક ઉદાહરણ છે. આવા કેટલાયે પ્રેરણાદાયી ચરિત્રો આ દેશમાં મોજૂદ છે. આવા ચરિત્રોની વિગતો અભ્યાસક્રમમાં દાખલ કરીએ અને શિક્ષણનો પાયો મજબૂત બનાવીએ.

## શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળામાં ગુરૂપૂર્ણિમા ઉજવાઈ





શ્રીમતી આર.જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ ઉ.મા કન્યા શાળામાં ગુરૂપૂર્ણિમા ઉજવણી કરવામાં આવી. ગાયત્રી પરિવારના ભોગીભાઇ ઠક્કર શ્રીમતી જશુબેન ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ચિત્રસ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂની મહત્તાને ઉજાગર કરે તેવા પ્રવચનો કર્યા હતા. ગુરૂની મહિમા વિશે ગીતો રજૂ થયા હતા. શ્રીમતી સુધાબેન પટેલે મહેમાનો આભાર માની વિદ્યાર્થીઓના જીવનમાં પ્રગતિ ઈચ્છી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પંકજભાઇ પટેલે તથા હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું.